# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.org


જા.નં./મા-૨/૨૦૨૪/૧૧૫૪૦ તા. ૨૪/૦૭/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિલ્લો-સુરત.

વિષય: તા.૨૫/૦૭/૨૦૨૪ના રોજ અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોની શાળાઓમાં રજા જાહેર કરવા બાબત.
સંદર્ભ: માન.કલેક્ટર સાહેબશ્રીની સૂચના અન્વયે.

રાજ્યમાં હાલ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાયેલ હોઈ, સુરત શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડેલ હોઈ તથા હવામાન વિભાગની આગાહી મુજબ ભારે વરસાદ પડનાર હોઈ જે બાબત ધ્યાને રાખી વિદ્યાર્થીઓના હિતમાં <u>તારીખ ૨૫/૦૭/૨૦૨૪ ના રોજ સુરત શહેર અને જિલ્લાના અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોમાં આવેલી શાળાઓના આચાર્યશ્રી સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઇ તે વિસ્તારની શાળાઓમાં રજા જાહેર કરી શકશે.</u>

વધુમાં જણાવવાનું કે જે શાળાઓ અતિવૃષ્ટિથી પ્રભાવિત વિસ્તારમાં નથી તે શાળાઓ <u>તા.૨૫/૦૭/૨૦૨૪ ના રોજ કાર્યરત રહેનાર છે. તે શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી આવ-જા કરતાં હોય તે વિધાર્થીઓ માટે પણ રજા રાખવાની રહેશે.</u>

સદર સૂચનાનો અમલ તમામ શાળાઓએ ચૂસ્તપણે સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને રાખીને કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| શાસનાધિકારી<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,<br>મહાનગરપાલિકા, સુરત | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>જિલ્લા પંચાયત, સુરત | જિલ્લા શિક્ષણાધિકારી<br>સુરત, જિલ્લો-સુરત |